**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા**
**અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.**
**ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫-૨૪૬૧૭૦૩ ઈ – મેઈલ : vadodeo@gmail.com**

---

ક્રમાંક. ક-૩/પરચ/૨૦૨૬-૨૭/૭૫૮૯ તા.૧૫/૦૭/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. તેમજ ખાનગી,
પ્રાથમિક, માધ્ય અને ઉ.મા. શાળાઓ તમામ
જિ. વડોદરા.

**વિષય : રથાયાત્રના પર્વ નિમિત્તે શાળા સમયમાં ફેરફાર કરવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી ધ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનાં તહેવારમાં જિલ્લાની શાળાના બાળકો તથા શિક્ષકો રથયાત્રાનો લાભ લઇ શકે તે હેતુથી તારીખ :૧૬/૦૭/૨૦૨૬ નાં રોજ શાળાનો સમય સવારનો રાખવા રજૂઆત મળેલ છે.

રથયાત્રાનાં ધાર્મિક પર્વ નિમિત્તે શાળાના બાળકો તથા શિક્ષકો ભારતીય સંસ્કૃતિ અને પરંપરા તેમજ સંસ્કૃતિથી માહિતગાર થાય, તેમજ ધાર્મિક ભાવનાઓ સાથે જોડાયેલ રહે, તેવા ઉમદા હેતુસર ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા તારીખ : ૧૬/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ રથયાત્રાના દિવસે જિલ્લાની તમામ સરકારી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. તેમજ ખાનગી પ્રાથમિક , માધ્ય અને ઉ.મા. શાળાઓ,(તમામ) જિ. વડોદરા નો સમય સવારના ૭.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધીનો રાખવાનો રહેશે. જે આપના તાબાની તમામ શાળાઓને જાણ કરી અમલવારી થવા આથી જણાવવામાં આવે છે.

(એમ.આર પાંડે)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા